ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૧૮-૧૦-૨૦૨૨

- **કોંગ્રેસના કાર્યકર્તાઓ ગામેગામે ફરીને આદરણીય રાહુલ ગાંધીજી દ્વારા આપવામાં આવેલા આઠ વચનોનું 'જનઅધિકાર પત્ર' ઘરે ઘરે પહોચાડીને જનસંપર્ક અભિયાનને સફળ બનાવી રહ્યાં છે.**
- **જુની પેન્શન યોજના, ચિરંજીવી આરોગ્ય યોજના, ઈન્દિરા શહેરી રોજગાર યોજના સહિતની જનલક્ષી યોજનાઓને ગુજરાતમાં કોંગ્રેસ સરકાર બનતા જ લાગુ કરવામાં આવશે**
- **કોરોના કાળ દરમ્યાન આરોગ્ય વ્યવસ્થા આપવામાં સદંતર નિષ્ફળ ભાજપ સરકારે મુખ્યમંત્રી સહિત આખેઆખી સરકાર બદલી દેવાની ફરજ પડી**
- **જનતાના વિવિધ પ્રશ્નો-મુશ્કેલીઓની સામે નજીવી રાહત આપતી ભાજપની છેતરપિંડીનો જવાબ ગુજરાતની જનતા આવનારી વિધાનસભાની ચૂંટણીમાં આપશે**

મોંઘવારી, બેરોજગારીથી ત્રસ્ત જનતા ભાજપને પાઠ ભણાવવાનું નક્કી કરી દીધું છે તેનો અનુભવ ગૌરવ યાત્રા દરમિયાન ઠેર ઠેર ભાજપના નેતાઓને થઈ રહ્યો છે ત્યારે કોંગ્રેસ પક્ષ 125 થી વધુ બેઠક સાથે જવલંત વિજય મેળવશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા રાજસ્થાનના યશસ્વિ મુખ્યમંત્રી અને ગુજરાતની સીનીયર નિરીક્ષકશ્રી અશોક ગેહલોતજીએ જણાવ્યું હતું કે, ગુજરાતની આવનારી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ જવલંત વિજય જવલંત વિજય મેળવશે. કોંગ્રેસ પક્ષની યાત્રાઓ, કાર્યક્રમોથી ગભરાયેલી ભાજપના કેન્દ્રીયમંત્રી, આગેવાનો સહિતના સીનીયર નેતૃત્વના ગુજરાત પ્રવાસ વધી રહ્યાં છે. પ્રધાનમંત્રીશ્રીએ પણ વારંવાર ગુજરાત આવવાની ફરજ પડી રહી છે. પ્રધાનમંત્રીએ દેશ માટે વધુ સમય આપવો જોઈએ તેના બદલે ગુજરાતમાં પ્રચાર પ્રસાર માટે વધુ આપી રહ્યાં છે. **મોદીજીની જાહેર સભાઓ સરકારી ખર્ચે કરાઈ રહી છે. ચૂંટણીમાં વપરાતા અધધ નાણાં એ લોકશાહી માટે ખતરારૂપ છે.** ગુજરાતમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ ગામેગામે ફરીને આદરણીય રાહુલ ગાંધીજી દ્વારા આપવામાં આવેલા આઠ વચનોનું 'જનઅધિકાર પત્ર' ઘરે ઘરે પહોચાડી રહ્યાં છે. રાજસ્થાનની કોંગ્રેસ સરકારમાં લાગુ કરવામાં આવેલા નિર્ણયો જેવા કે, જુની પેન્શન યોજના, ચિરંજીવી આરોગ્ય યોજના, ઈન્દિરા શહેરી રોજગાર યોજના સહિતની જનલક્ષી યોજનાઓને ગુજરાતમાં કોંગ્રેસ સરકાર બનતા જ લાગુ કરવામાં આવશે. કોરોના કાળ દરમ્યાન રાજસ્થાનના સફળ આરોગ્ય મોડલને કારણે રાજસ્થાનમાં એકપણ વ્યક્તિનું ઓક્સિજન વગર મૃત્યુ થયેલ નહીં જ્યારે બીજી બાજુ કોરોના કાળ દરમ્યાન આરોગ્ય વ્યવસ્થા આપવામાં નિષ્ફળ ભાજપ સરકારે મુખ્યમંત્રી સહિત આખેઆખી સરકાર બદલી દેવાની ફરજ પડી. ગુજરાતમાં ભાજપ સરકારના કુશાસનમાં બ્યુરોક્રશી હાવી થઈ ગઈ છે. સરકારી અધિકારી સુપર સી.એમ. જેમ સરકાર ચલાવી રહ્યાં છે જે ગુજરાત માટે ચિંતાનો વિષય છે. ગુજરાત આઝાદી પહેલાથી મજબુત રાજ્ય હતું પરંતુ 27 વર્ષના ભાજપના શાસનમાં શિક્ષણ, આરોગ્ય, ધંધારોજગાર વગેરેમાં અન્ય રાજ્યો કરતાં કથળ્યું છે.

ભાજપની અણઘડ આર્થિક નીતિઓને કારણે વિશ્વ બેંકે ત્રીજી વખત અંદાજિત જીડીપી વૃદ્ધિ દરમાં ઘટાડો કર્યો, **દેશના અર્થતંત્રનો પાયો નબળો પડી રહ્યો છે અને આર્થિક કટોકટી વધુ ઘેરી બની છે નબળો રૂપિયો અને ફોરેક્સ રિઝર્વમાંથી $100 બિલિયનનો ઘટાડો, ચાલુ ખાતું-રાજકોષીય ખાધ અને વેપાર ખાધ વધારો** છે. **લોટ-દૂધ જેવી ચીજવસ્તુઓના ભાવમાં આગ લગાવીને કયા ગરીબને ફાયદો થાય છે?** કોરોના કાળ દરમ્યાન ભાજપ સરકારની

નિષ્ફળતાઓને કારણે ગરીબીમાં વધારો થયો. ભાજપની ગરીબ વિરોધી નીતિઓને કારણે 5.6 કરોડ ભારતીયો અત્યંત ગરીબીમાં ડૂબી ગયા.બીજીબાજુ વર્લ્ડ હંગર ઈન્ડેક્સમાં 116 દેશોની યાદીમાં ભારત 101માં નંબર પર છે. શું ગરીબોને બે ટાઈમનું ભોજન આપવાનું તમારું કામ નથી? ભારતમાં 135 કરોડ નાગરિકોમાંથી 80 કરોડ લોકોને મફત અનાજ લેવાની ફરજ કેમ પડી? તે દર્શાવે છે કે, ભાજપના અણઘડ વહિવટ અને નિષ્ફળ નિતીઓનો ભોગ દેશની જનતા બની રહી છે

**મંદી, મોંઘવારી અને બેરોજગારીને કારણે ગુજરાતની જનતા ત્રસ્ત** બની છે, ભાજપના શાસનમાં તમામ વર્ગો મુશ્કેલીનો પારાવાર સામનો કરી રહ્યા છે. જે રાજ્ય મગફળીમાં સૌથી વધુ ઉત્પાદન કરતું હોય તેવા ગુજરાતમાં સિંગતેલનો ડબ્બો ત્રણ હજારની પાર થયો છે. સામાન્ય - મધ્યમવર્ગનું બજેટ ખોરવાઈ ગયું છે.પૂજ્ય ગાંધી - સરદારના ગુજરાતમાં દારુબંધી હોવા છતાં બેફામ દારૂ મળી રહ્યો છે. નકલી દારૂને કારણે તાજેતરમાં જ 70 થી વધુ નાગરિકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. ભાજપના શાસનમાં ૪૫ વર્ષમાં સૌથી વધુ બેરોજગારી દર અને 35 વર્ષમાં સૌથી ઊંચો મોંઘવારી દરના લીધે જનતા મુશ્કેલીનો સામનો કરી રહેલી જનતાના વિવિધ પ્રશ્નો-મુશ્કેલીઓની સામે નજીવી રાહત આપતી ભાજપની છેતરપિંડીનો જવાબ ગુજરાતની જનતા આવનારી વિધાનસભાની ચૂંટણીમાં આપશે. છેલ્લા સાત મહિનામાં ૧૪ વખત સીએનજી ના ભાવ વધારતા ભાજપને રેલો આવતા નજીવો ભાવ ઘટાડવાની ફરજ પડી. મોંઘવારીના એક પછી એક માર આપતી ભાજપે ટેક્સ નામે લૂંટનો કારોબાર ચલાવી રહ્યા છે જનતાની જરૂરિયાતની ચીજ વસ્તુઓ પરનો ટેક્સ માં સતત વધારો થઈ રહ્યો છે રોટલી અને પરોઠા પર જીએસટી ઝીંકનાર ભાજપ એ સામાન્ય અને મધ્યમ વર્ગનો રોટલો છીનવવાનું પાપ કરી રહી છે સીએનજી માં 50 રૂપિયા પ્રતિ કિલો ના રૂ.90 જેટલો સુધીનો ભાવ વધારો કરીને પાંચ રૂપિયાની રાહત આપીને સામાન્ય જનતા સાથે વિશ્વાસઘાત કરી રહી છે ગેસ સિલિન્ડરને 414 રૂપિયા મળતો હતો ને 1,060 રૂપિયા કરીને પ્રજાને જીવવું મુશ્કેલ બનાવી દીધું છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સંગઠન પ્રભારી અને રાજસ્થાનના પૂર્વ આરોગ્ય મંત્રી ડૉ. રઘુ શર્મા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા, રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી આલોક શર્મા, એ.આઈ.સી.સી. મંત્રી અને સહપ્રભારી શ્રી બી.એમ. સંદિપ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી, પ્રદેશ પ્રવક્તાશ્રી મનહર પટેલ, પ્રદેશ મીડીયા કોર્ડીનેટરશ્રી હેમાંગ રાવલ, મીડીયા પેનાલીસ્ટશ્રી હિરેન બેંકર ઉપસ્થિત રહ્યાં હતાં.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા